# સીબીઆઈ, સરકાર અને કાયદા અધિકારીઓ

- અરુણ જેટલી

વિપક્ષી નેતા (રાજ્યસભા)

કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં સર્વોચ્ચ અદાલતને સુપરત કરવા માટેના અહેવાલને તૈયાર કરવામાં કાનુન મંત્રાલય અને વડાપ્રધાન કચેરીના અધિકારીઓએ કરેલો હસ્તક્ષેપ એ બાબતનો અણસાર આપે છે કે સરકાર સીબીઆઈનાં કામકાજમાં કેટલી દાખલ દઈ રહી છે. છેલ્લા થોડા વર્ષોમાં સીબીઆઈ પરનો અંકુશ સરકાર પાસેથી શાસક પક્ષના હોદ્દેદારોનાં હાથમાં જતો રહ્યો હોય એવું જણાય છે.

સીબીઆઈની રચના દિલ્હી સ્પેશ્યલ પોલીસ (સ્થાપના) કાયદા, ૧૯૪૬ હેઠળ થઇ હતી, જેનો હેતુ કેન્દ્ર સરકારની તપાસ એજન્સી ઉભી કરવાનો હતો. તેની મુખ્ય કામગીરી કેન્દ્ર સરકાર અને અન્ય સરકારીતંત્રના ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ તપાસ કરવાની હતી. સરકારે નિમણુક, બદલી અને સીબીઆઈ અધિકારીઓનું ભાવિ જેવી બાબતો પોતાના હાથમાં લઈને તેને તટસ્થ તેમજ સ્વાયત્ત સંસ્થા બનાવવાના પ્રયાસો પર પાણી ફેરવાઈ રહ્યું છે. ભ્રષ્ટાચાર વિરુદ્ધ ચળવળ દરમિયાન લોકપાલની સ્થાપનાની માગની ઉઠી ત્યારે મારા બે સાથીઓ - શ્રી રાજીવ પ્રતાપ રૂડી અને શ્રી ભુપેન્દ્ર યાદવ સંગાથે મેં રાજ્યસભાની પ્રવર સમિતિ સમક્ષ સીબીઆઈની સ્વાયત્તતા અને તટસ્થ તપાસ બાબતે રજૂઆત કરી હતી. જેમાં નીચે મુજબના સૂચનો કરવામાં આવ્યા હતા

રાજકીય દુરુપયોગને કારણે સીબીઆઈએ પોતાની વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. સીબીઆઈ પરનું નિયંત્રણ કર્મચારી વિભાગને બદલે લોકપાલને સોંપી દેવું જોઈએ. સીબીઆઈને સ્વાયત્ત અને તટસ્થ તપાસ એજન્સી બનાવવા તેને રાજકીય હસ્તક્ષેપથી મુક્ત રાખવાની આવશ્યકતા છે. તેના માટે નીચે મુજબના સૂચનો કરીએ છીએ

- **સીબીઆઈમાં બે પાંખ હોય: સીબીઆઈનાં નિયામક સમગ્ર સંગઠનનાં વડા હોય. મુકદ્દમા માટે અલગ ડીરેક્ટરેટ હોય.**
- **સીબીઆઈની તપાસ શાખા અને મુકદ્દમા માટેની શાખા સ્વતંત્ર રીતે કામગીરી બજાવે.**
- **સીબીઆઈનાં નિયામક અને મુકદ્દમા વિભાગના નિયામકની નિમણુક વડાપ્રધાન, લોકસભાનાં વિપક્ષી નેતા અને લોકપાલનાં અધ્યક્ષ મળીને કરે.**
- **સીબીઆઈનાં નિયામક અને મુકદ્દમા વિભાગના નિયામકની મુદત નિયત સમયગાળાની હોય.**
- **સીબીઆઈનાં નિયામક અને મુકદ્દમા વિભાગના નિયામક નિવૃત્ત થયા પછી તેઓને ફરી કોઈ પદ આપવામાં ન આવે.**
- લોકપાલ દ્વારા સૂચવવામાં આવેલા કેસોમાં સીબીઆઈ પર દેખરેખ અને તેને સૂચનાઓ આપવાનો અધિકાર લોકપાલ પાસે જ રહેવો જોઈએ.
- કોઈ અધિકારી લોક્પાલે સુચવેલા કેસની તપાસમાં હોય અને કોઈક કારણસર તેમની બદલી કરવી પડે તો લોકપાલની અગાઉથી પરવાનગી જરૂરી બનાવવામાં આવે.
- સીબીઆઈ વતી કેસ લડનાર અથવા સલાહ આપનાર વકીલોની સ્વતંત્ર પેનલ રચવી જોઈએ. લોકપાલની મંજૂરી મેળવીને **મુકદ્દમા વિભાગ પેનલની નિમણુક કરે એવી વ્યવસ્થા હોવી જોઈએ.**

પરંતુ પ્રવર સમિતિએ અમારા સૂચનો વિશે વિચારણા ન કરી અને ફક્ત નીચેના સૂચનોનો સ્વીકાર કર્યોઃ

- સીબીઆઈમાં મુકદ્દમા માટે અલગ ડિરેક્ટરેટ રહેશે, જે સીબીઆઈના ડિરેક્ટર હેઠળ કામગીરી બજાવશે. સીબીઆઈના ડિરેક્ટર સમગ્ર સંસ્થાના વડા તરીકે કામગીરી બજાવશે.

- સીબીઆઈના ડિરેક્ટરની નિમણૂક વડા પ્રધાન, લોકસભાના વિપક્ષી નેતા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની પેનલ કરશે.

- મુકદ્દમા વિભાગના ડિરેક્ટરની નિમણૂક સીવીસી કરશે.

- **સીબીઆઈનાં નિયામક અને મુકદ્દમા વિભાગના નિયામકની મુદત નિયત સમયગાળાની હોય.**

- લોકપાલ દ્વારા સૂચવવામાં આવેલા કેસોમાં સીબીઆઈ પર દેખરેખ અને તેને સૂચનાઓ આપવાનો અધિકાર લોકપાલ પાસે જ રહેવો જોઈએ.

- કોઈ અધિકારી લોક્પાલે સુચવેલા કેસની તપાસમાં હોય અને કોઈક કારણસર તેમની બદલી કરવી પડે તો લોકપાલની અગાઉથી પરવાનગી જરૂરી બનાવવામાં આવે.

- સીબીઆઈ વતી કેસ લડનાર અથવા સલાહ આપનાર વકીલોની સ્વતંત્ર પેનલ રચવી જોઈએ. લોકપાલની મંજૂરી મેળવીને **મુકદ્દમા વિભાગ પેનલની નિમણુક કરે એવી વ્યવસ્થા હોવી જોઈએ.**

કેન્દ્રીય પ્રધાનમંડળે પ્રવર સમિતિની ભલામણોમાં ત્રણ મહત્ત્વપૂર્ણ ફેરફારે કર્યાઃ
(અ) કોઈપણ ભ્રષ્ટ સરકારી અધિકારી વિરુદ્ધ ફરિયાદ કરતા પહેલા લોકપાલે નોટીસ આપવી પડશે.
(બ) લોકપાલની મંજૂરી વિના સરકાર તપાસ અધિકારીની બદલી કરી શકે છે.
(ક) સીબીઆઈ ડિરેક્ટરોને મનપસંદ કામ કરાવવા સરકાર ફરી અન્ય પદ આપી શકે છે.

સીબીઆઈ વતી કેસ લડનાર અથવા સલાહ આપનાર વકીલોની સ્વતંત્ર પેનલ રચવી જોઈએ. લોકપાલની મંજૂરી મેળવીને **મુકદ્દમા વિભાગ પેનલની નિમણુક કરે એવી વ્યવસ્થા હોવી જોઈએ.**

તાજેતરમાં એટર્ની જનરલ અને એડિશનલ સોલિસીટર જનરલ વચ્ચે વિવાદ થયો હતો. કાનુની અધિકારીઓનું કદ અને પ્રતિષ્ઠા ધીમે ધીમે ઘટતી ગઈ છે. સંવેદનશીલ કેસોમાં સરકાર કાનુની અધિકારીઓના માધ્યમથી રાજકીય તડજોડ કરે છે. વર્તમાન વિવાદ કાનુની અધિકારીઓની સ્વતંત્રતા અને સ્વાયત્તતા સાથે સંકળાયેલો છે. જેથી વકીલોની તટસ્થ પેનલ બનાવવી જરૂરી છે.

મોટાભાગના કેસો કે જેમાં સરકાર કે સરકારી કર્મચારી આરોપી હોય, તેમાં સરકાર વકીલની પસંદગી કરી ન શકે. યુપીએ સરકારે કાનુની અધિકારીઓની સંસ્થાની ગરિમા ઘટાડી દીધી છે. તે બાબતે યુપીએ સરકાર શરમજનક હાલતમાં મુકાઈ ગઈ છે. સર્વોચ્ચ અદાલતે સરકારને જે ફટકાર લગાવી છે, તે યોગ્ય જ છે. આ એક એવી તક છે કે સરકારને પોતાની જવાબદારીનો અહેસાસ થાય અને લોકપાલ ખરડા બાબતે બનેલી પ્રવર સમિતિ અમારા સૂચનોનો સ્વીકાર કરે.